॥ सुयं मे आउसं ॥

# શ્રુતદીપ

વર્ષ : ૧ • વિક્રમ સંવત ૨૦૭૪ • અંક : ૨ ઑક્ટોબર ૨૦૧૭



## આપણી શ્રુતસંપદા : ગઈકાલ, આજ અને આવતીકાલ

**ડૉ. જિતેંદ્ર બી શાહ**

**૮ માર્ચ ૨૦૧૫ના દિવસે શ્રુતભવન સંશોધન કેંદ્ર દ્વારા આયોજિત સંઘાર્પણ સમારોહ પ્રસંગે કરેલાં ઉદ્‌બોધનનો અંશ.**

વિગત કેટલીય સદીઓથી જૈનધર્મ અનેક પ્રકારના મહત્ત્વપૂર્ણ કાર્યોને કારણે શીર્ષસ્થ છે. આજે પણ જૈનધર્મમાં ઘણાં સારા કાર્યો થાય છે. પરંતુ જ્ઞાનની ધારા કુંઠિત થઈ રહી છે.

છેલ્લાં સો વરસમાં જૈનધર્મમાં જ્ઞાનનાં કાર્યો કેટલાં થયાં? કેવી રીતે થયાં? અને આજની વર્તમાન સ્થિતિ શું છે? વર્તમાન સ્થિતિના આધારે ભવિષ્યમાં શું કરવું જોઈએ? આ ત્રણ મુદ્દાઓની ચર્ચા કરવી આવશ્યક ગણાય.

સૌથી પહેલાં ભૂતકાળની વાત કરીએ. ઇતિહાસકાર શ્રી ધર્મપાલ દ્વારા કરવામાં આવેલાં સર્વેક્ષણ પ્રમાણે અંગ્રેજો જ્યારે ભારતમાં આવ્યાં ત્યારે ભારતમાં પાંચ કરોડ હસ્તપ્રતો હતી. અને છેલ્લાં દોઢસો વરસમાં ચાર કરોડ હસ્તપ્રતોનો નાશ થઈ ગયો છે. હમણાં આખાં દેશમાં લગભગ એક કરોડ હસ્તપ્રતો છે.આપણે ચાર કરોડ હસ્તપ્રતોનો વિનાશ થવા દીધો. હસ્તપ્રતો કેમ નાશ પામી? તેના કારણોની ચર્ચા કરવા નથી માંગતો, પરંતુ જે વિનાશ થયો તેમાં ક્યાંકને ક્યાંક આપણે ભાગીદાર છીએ. આખું વિશ્વ એમ માને છે કે વિશ્વમાં સૌથી પ્રાચીન શાસ્ત્રોનો સંગ્રહ ભારત પાસે છે.બીજા કોઇ દેશ પાસે નથી. વર્તમાનમાં ઉપલબ્ધ એક કરોડ જેટલી હસ્તપ્રતોમાં લગભગ વીસ લાખ હસ્તપ્રતો જૈનધર્મની છે. આ પણ એક આશ્ચર્યની વાત છે કે ચારે બાજુ હસ્તપ્રતોનો નાશ થઈ રહ્યો હતો ત્યારે જૈનધર્મની હસ્તપ્રતો સુરક્ષિત કેવી રીતે રહી? જૈનોએ એવું શું કર્યું? જેને કારણે આટલી મોટી સંખ્યામાં હસ્તપ્રતો સુરક્ષિત રહી તેનું મુખ્ય કારણ જૈનધર્મની ગ્રંથરક્ષાની પરંપરાગત શૈલી છે. જૈનોએ જે રીતે ગ્રંથોનું સંરક્ષણ કર્યું તે રીતે ભારતની અન્ય પરંપરાઓ ન કરી શકી આને માટે જૈનોએ ગૌરવ લેવું જોઈએ.

આ ભૂતકાળની વાત થઈ. હવે વર્તમાનની વાત કરીએ. પાછલાં દસ-પંદર વરસથી ભારત સરકાર દ્વારા એક મિશન ચલાવવામાં આવ્યું. તેનું નામ છે "નેશનલ મિશન ફોર મેન્યુસ્ક્રીપ્ટ્સ" (NMM) આ મિશનનું લક્ષ્ય છે ભારતની હસ્તપ્રતસંપદાનું સંરક્ષણ કરવું, ભારતીય સંસ્કૃતિની રક્ષાના બે મૂલાધાર છે. સ્થાપત્ય અને હસ્તપ્રતો. સ્થાપત્યની રક્ષા માટે જાગૃતિ પણ છે અને પ્રયાસ પણ થયાં છે. પરંતુ શાસ્ત્રની રક્ષા માટે પૂરતાં પ્રયાસો થયાં નથી.

> **આનંદના અક્ષત**
> (ઉપજાતિ)
> આનંદના અક્ષતથી વધાવું
> ઉષ્માભર્યું સ્વાગત હું રચાવું
> પ્રેમે પધારો **શ્રુતદીપ** આજે :
> રંગો ભરેલા ફૂલડાં કહે છે
> આવો પધારો હૃદયે અમારા
> છે સ્નેહભીનું તવ સ્વાગતં આ
> એવું કહે છે મનના તરંગો
> જાણે બન્યા કૈંક નવા પ્રસંગો
> - એક અનામી મુનિભગવંતની શુભકામના.

વર્તમાનમાં જ્ઞાનનાં ક્ષેત્રે આપણી સ્થિતિ શું છે? આજે ભારતમાં એક હજાર જેટલા જૈન હસ્તપ્રત ભંડાર છે જેમાં વીસ લાખ જેટલી હસ્તપ્રતો છે. તેમાં લગભગ ત્રીસ હજાર જેટલાં શાસ્ત્રો એવાં છે જેની કોઈ માહિતી આપણી પાસે નથી. કઈ પ્રત ક્યા ભંડારમાં છે તેની એકત્રિત માહિતી નથી. કુલ મળીને જૈન ગ્રંથો કેટલા છે? તેની પણ માહિતી નથી. આ માહિતી એકત્રિત કરવા પાછલી સદીમાં પૂજ્ય આચાર્ય શ્રીબુદ્ધિસાગરસૂરિજી મહારાજ સાહેબે **'જૈન ગ્રંથાવલી'**નું કામ કર્યું. તે જ રીતે પૂનાની ભાંડારકર ઇન્સ્ટીટ્યુટમાં પ્રો. હરિ દામોદર વેલણકરે **'જિનરત્નકોશ'**નું કામ કર્યું. જૈન ગ્રંથાવલીમાં કે જિનરત્નકોશમાં એક ગ્રંથની અલગ-અલગ હસ્તપ્રત ક્યા ભંડારોમાં છે તેની નોંધ છે. આવી નોંધ બહુ જરૂરી છે. તે એટલા માટે કે કોઇ વિદ્વાન્ કોઇ એક ગ્રંથનું સંપાદન કરવા માંગતા હોય તો તેમને બધી પ્રતોની માહિતી એક સાથે મળી જાય. તે માટે તેમણે હજાર કેટલોગ ઉથલાવવા ન પડે. તેમનો સમય બચે, શક્તિ બચે. તેમનું સંપાદન કાર્ય ઉચ્ચ દરજ્જાનું બને. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે આવું કાર્ય કર્યું. તેમણે આગમોનું સંશોધન કર્યું. એ જ કામને પૂજ્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજે આગળ વધાર્યું. આજે આવા

પ્રકારનું સંશોધન અને સંપાદન કરી શકે તેવા વિદ્વાનોની કમી છે. કામ તો ઘણાં થાય છે પણ એવું વિશ્વસ્તરીય કામ —જેને યુનિવર્સીટી કે અન્ય ધર્મના વિદ્વાનો સમક્ષ મૂકીએ તો તેઓ પણ કહે કે આ એક આદર્શ સંપાદન છે તેવાં કામ—બહુ જ ઓછા થાય છે. પૂજ્ય મુનિરાજશ્રી **પુણ્યવિજયજી** મહારાજે પૂજ્ય મુનિરાજ શ્રી **જંબૂવિજયજી** મહારાજ આવું કામ કરી શક્યા કેમ કે તેમની પાસે સામગ્રી હતી. સામગ્રી એટલે ઉપલબ્ધ થઈ કેમ કે હસ્તપ્રતોની સૂચિ બનવા લાગી હતી. કેટલાંય સૂચિપત્રો તૈયાર થઈ ચૂક્યાં હતાં. આ બધાં જ સૂચિપત્રોનો સમન્વય કરીને એક એવો માહિતીસ્રોત (ડાટાબેઝ) બનાવવામાં આવે જેનાથી એક ગ્રંથ આખા વિશ્વમાં ક્યાં ક્યાં મળે છે તેવી માહિતી ચપટી વગાડતા મળી જાય તો કોઇ પણ વિદ્વાન માટે કોઇ પણ કામ આસાન બની જાય. મદ્રાસ યુનિવર્સીટી દ્વારા આવા પ્રકારનો કેટલોગસ કેટલોગરમ બની રહ્યો છે. આ કામ વીસ-પચીસ વર્ષથી ચાલી રહ્યું છે. **શ્રુતભવન સંશોધન કેંદ્ર** દ્વારા જૈનધર્મનો આવો કેટલોગસ કેટલોગરમ **વર્ધમાન જિનરત્નકોશ**ના નામે તૈયાર થઇ રહ્યો છે તે બહુ મોટી વાત છે. કોઇ પણ વિદ્વાન માટે આ કોશ આદર્શભૂત બની રહેશે. ઉદાહરણ આપીને કહું તો મને ભક્તામર સ્તોત્ર પર કામ કરવું છે તો આખા વિશ્વમાં ભક્તામરની હસ્તપ્રત ક્યાં ક્યાં છે તેની માહિતી **વર્ધમાન જિનરત્નકોશ**માં મળી જશે.

બીજી વાત હસ્તપ્રતોની ઉપયોગિતા વિષેની છે. આજે જૈન સંઘ પાસે અથવા તો અન્યત્ર હસ્તપ્રતો તો છે પણ તેની લિપિ વાંચી શકે તેવા વિદ્વાનો નથી. જે છે તેમની પાસે નિપુણતા નથી. એથી લાખો હસ્તપ્રતો હોવા છતાં આપણી જ્ઞાનધારા પ્રવાહિત થતી નથી. હસ્તપ્રતોમાં લખેલું શાસ્ત્ર વાંચનયોગ્ય બનાવવાની પ્રક્રિયાનું નામ સંપાદન છે.

આપણે ત્યાં સંપાદન કાર્યનો પ્રારંભ લગભગ સો વરસ પહેલાં થયો. પૂજ્ય આચાર્ય શ્રી ધર્મસૂરિજી મહારાજ સાહેબે. (કાશીવાળા) કાશી ગયા. જ્યારે તેઓ પહેલી વાર કાશી પહોંચ્યા ત્યારે કાશીના પંડિતોએ કહ્યું કે કોઇ નાટકમંડળી આવી છે. તેઓ નાટક કરશે. તેમને રહેવા માટે જગ્યા પણ ન મળી. તેઓ એક ઝાડ નીચે બેઠા. સાંજ પડતા જ પૂજ્ય આચાર્ય મહારાજે વ્યાખ્યાન શરૂ કર્યું. ધીરે ધીરે તેઓ આખી કાશીમાં છવાઇ ગયા. કાશીના મહારાજા પણ તેમની પાસે સલાહ લેવા આવવા લાગ્યા. કાશીના દરબારમાં તેમને બોલાવતા. ત્યાં તેમણે પાઠશાળા શરૂ કરાવી હતી. તેમણે પંડિતો તૈયાર કર્યા. ત્યારથી પંડિતયુગ શરૂ થયો. આ પરંપરા આદર્શ બનીને ઉભરી. તેમાંના પંડિત હરગોવિંદદાસે ઇ.૧૯૨૦-૨૫માં 'પાઇયસદ્દમહણ્ણવો 'નામનો પ્રાકૃત ભાષાનો કોશ બનાવ્યો.

આ સાથે જ જોડાતી વાત છે— શ્રુતસંપદાને ભવિષ્યમાં પ્રવાહિત કરવાની.આપણી શ્રુતસંપદાને ભવિષ્યમાં જીવિત રાખવી હોય તો ત્રણ કામ કરવા પડશે.૧, સારા વિદ્વાન પંડિત તૈયાર કરવા પડશે. ૨, સંપાદન કરવા માટે ઉપયોગી સંસાધનો તૈયાર કરવા પડશે. ૩, વર્તમાન શ્રુતસંપદાની સુરક્ષા વ્યવસ્થા વિચારવી પડશે.

વિદ્વાનોને તૈયાર કરવા માટે શિક્ષા, શિક્ષાવ્યવસ્થા, અભ્યાસક્રમ અને આજીવિકાનું સાધન જોઇએ. ઉપલબ્ધ સંસાધનોનો કેવી રીતે ઉપયોગ થઈ શકે તેનું માર્ગદર્શન જોઈએ. સંસ્કૃત, પ્રાકૃત પ્રાકૃતના પ્રકારભૂત ભાષાઓના ઇતિહાસનું જ્ઞાન જોઇએ. ક્યારે કઈ ભાષા પર કોનો પ્રભાવ પડ્યો તેના સંદર્ભોનું જ્ઞાન જોઇએ. સહુથી મહત્ત્વની વાત વિદ્વાન તૈયાર કરવા માટે એક સંસ્કૃત ભાષાનું મેન્યુઅલ (નિયમસંગ્રહ) હોવું જોઇએ. તેવી જ રીતે પ્રાકૃત ભાષાનું મેન્યુઅલ હોવું જોઇએ. અપભ્રંશ ભાષાનું મેન્યુઅલ હોવું જોઇએ. મેન્યુઅલના આધારે જો ભાષા શીખવવામાં આવે તો જિજ્ઞાસુ બહુ ઓછા સમયમાં ભાષા શીખી શકશે. ત્રીજી વાત, શાસ્ત્રોની સુરક્ષા અંગેની છે. આ વિષયમાં આનંદસાગર સૂરિજી મહારાજ સાહેબનું નામ મોખરાનું છે. જ્ઞાનના ક્ષેત્રમાં તેમણે એકલે હાથે ગંજાવર કહી શકાય તેવું કામ કર્યું છે. આગમ, કર્મગ્રંથ અને અન્ય વિષયના શાસ્ત્રોનું સંપાદન કર્યું છે. મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજને ક્યાંય સંશય પડતો તો સાગરજી મહારાજને પૂછતા હતા. સાગરજી મહારાજે બધા જ આગમોને છપ્પન વિષયમાં વહેંચ્યા. તેમણે છપાવેલી પ્રતોમાં પોતાના હાથે અંક લખીને તેમણે મેટર તૈયાર કર્યું હતું. સુરતના ગોપીપુરાના ઉપાશ્રયમાં એ પ્રતો હતી. પૂર આવ્યું તેમાં પાણી ભરાવાથી બધા જ ગ્રંથો નાશ પામી ગયા. આટલું મોટું કામ આપણી ઉપેક્ષાને કારણે નાશ પામી ગયું.

અંતમાં, એટલું કહીશ કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગ્રંથભંડારોના નિર્માણક્ષેત્રે સારી જાગૃતિ આવી છે. લગભગ ચારસો ગ્રંથભંડારો બન્યા છે. આવું કાર્ય અન્ય ધર્મમાં નથી થઇ રહ્યું. મુનિશ્રી **વૈરાગ્યરતિવિજયજી** વિચારે છે કે- ગ્રંથ ભંડારોને વાંચવાવાળું કોઇક જોઇએ. ગ્રંથોનું વાંચન પંડિતો, અભ્યાસુઓ અને જિજ્ઞાસુ દ્વારા સંભવિત છે. મહારાજજી જે વિચારે છે કે આવનારા સમયમાં સો જેટલા પંડિતોને તૈયાર કરવા. જો આ શક્ય બને તો આપણી પાસે જે શ્રુતસંપદા છે તેનો ઉપયોગ કરીને વિશ્વને દિશા આપી શકીએ છીએ. વિશ્વને એ કહી શકીએ કે અમારો ધર્મ મહાન છે કેમ કે અમારા ગુરુ મહાન છે. ગુરુઓએ અમને કોહિનૂર રત્ન જેવાં શાસ્ત્રોનો પરિચય કરાવ્યો છે. આજે આપણા હાથમાં કોહિનૂર છે પણ આપણને તેનું મૂલ્ય ખબર નથી. આવનારા સમયમાં મહારાજજીની કૃપાથી એ સંભવ થશે તેથી આજે હું બહુ જ આનંદનો અનુભવ કરૂં છું.

## ગ્રંથ પરિચય

### લક્ષણસંગ્રહ

'લક્ષણસંગ્રહ' આ એક ન્યાયનો ગ્રંથ છે. તે શારદા લિપિમાં લખાયો છે. તેની આખા વિશ્વમાં એક જ કોપી છે. અને તેની પહેલવહેલી માહિતી શ્રુતભવનને મળી છે. ભારતમાં કાશ્મીરની શારદા લિપિ જાણનારા સો-બસો જણા હશે. જૈન સંઘમાં તે જાણનારા બહુ જ ઓછા છે. શ્રુતભવનમાં રહીને પૂ.સા.શ્રી **જિનરત્નાશ્રીજી** મ.ના શિષ્યા પૂ.સા.શ્રી **મધુરહંસાશ્રીજી** મ.સા અને **ધન્યહંસાશ્રીજી** મ.સા. એ તેર વરસની ઉમરમાં આ ગ્રંથને વર્તમાન લિપિમાં લખ્યો છે. પૂના યુનિવર્સિટી દર્શન વિભાગમાં હેડ તેને જોઇ દંગ રહી ગયા હતા. ઇતિહાસની કદાચ આ પહેલી ઘટના છે કે જૈન સાધ્વીજી ભગવંતોએ શારદા લિપિને ઉકેલી હોય. તે પણ ચૌદ અને વીસ વરસની ઉમરમાં. આ કેવળ જૈન સંઘ માટે જ નહીં, પરંતુ જૈનેતર વિદ્વદ્ જગત માટે પણ મોટી ઉપલબ્ધિ છે.

# સમાચાર

આ વરસે શ્રુતભવન દ્વારા સાત ગ્રંથો પ્રકાશિત થયા. અનેક સ્થળે આચાર્ય ભગવંતોની નિશ્રામાં તેમનું વિમોચન સંપન્ન થયું. તેની નોંધ પ્રસ્તુત છે.

- **૨૩ જુલાઈ ૨૦૧૭**

  **'ધર્મબિંદુ'** (લાભાર્થી - શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધક સંઘ, પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતી)

  નિશ્રા - પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી **વિજયપુણ્યપાલસૂ.** મ.સા., પૂજ્ય આચાર્યદેવ શ્રી **વિજયયોગતિલકસૂ.** મ.સા.

- **૮ ઓગસ્ટ ૨૦૧૭**

  **'લક્ષણસંગ્રહ'** લાભાર્થી - શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, ગોકાક, કર્નાટક

  **'અર્ધમાગધી વ્યાકરણ'** લાભાર્થી - શ્રી સીમંધર શાંતિસૂરિ જૈન ટ્રસ્ટ, વી.વી.પુરમ્, બેંગલોર

  નિશ્રા- પૂજ્ય આચાર્યદેવ શ્રી **રત્નસેનસૂરિજી** મ.સા., પૂજ્ય આચાર્યદેવશ્રી **ચંદ્રજિતસૂરિજી** મ.સા.

- **૧૩ ઓગસ્ટ ૨૦૧૭**

  **'મંડલવિચાર પ્રકરણ', 'અષ્ટાહ્નિકા ધુરાખ્યાન', 'આત્મશુદ્ધિપ્રકાશ'**

  લાભાર્થી - શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર તથા મૂર્તિપૂજક સંઘ, નાસિક.

  નિશ્રા - પૂજ્ય મુનિરાજશ્રી **નિર્મલયશવિજયજી** મ.સા.

- **૧૫ ઓગસ્ટ ૨૦૧૭**

  **'ધર્મબિંદુ', 'સ્તોત્ર સંગ્રહ'**

  લાભાર્થી – પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય તીર્થભદ્ર સૂ. મ.સા.ની પ્રેરણાથી શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, ઘાટકોપર, મુંબઈ

  નિશ્રા-પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી **મોક્ષરતિવિજયજી** ગણિવર, પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી **તત્ત્વદર્શનવિજયજી** ગણિવર









**૨૪ સપ્ટેંબર**ના દિવસે દાદરા જૈન સંઘે પૂજ્ય સાધ્વીજી શ્રી **જિનરત્નાશ્રીજી** મહારાજની નિશ્રામાં નવ પુસ્તકોનો સંઘાર્પણ સમારોહ આયોજિત કર્યો હતો. દેખાવમાં નાના પણ દિલથી મોટા દાદરા ગામે ખૂબ ઉલ્લાસપૂર્વક પ્રસંગ ઉજવ્યો. અમદાવાદ, સુરત, પૂના, મુંબઈ, વાપી વગેરે સ્થળેથી શ્રુતભક્તો પધાર્યા હતા. આકર્ષક સજાવટ સાથે શ્રુતના બહુમાનનો પ્રસંગ અનેરી સુવાસ રેલાવી ગયો. સંચાલન સુ.રાજેશ હસ્તિમલજીએ કર્યું.

## શ્રુતભવન સંશોધન કેન્દ્ર મહિનાનું કાર્યવિવરણ

**લોકપ્રકાશ** ગ્રંથનું પાંચ હસ્તપ્રતોના આધારે સંપાદન ચાલી રહ્યું છે. તેના છ સર્ગનું કામ પૂર્ણ થયું છે. ગ્રંથ પદ્યમાં છે તેને સરળતાથી સમજવા સંસ્કૃતમાં ગદ્યાનુવાદ કરવામાં આવે છે. ગ્રંથમાં આવતી વ્યાખ્યાઓનો કોશ બને છે. ગ્રંથકારે શાસ્ત્રોનો સંદર્ભ આપ્યો હોય તેનું મૂળ શોધીને ટીકા સાથે સંકલિત થાય છે. તે જ રીતે ઉદ્ધરણોનું પણ સંકલન થાય છે. ગ્રંથમાં દર્શાવેલા મતાંતરોની નોંધ તૈયાર થાય છે. સરળતાથી સમજવા કોષ્ટક બને છે. વિશેષ નામ વિગેરે તો ખરાં જ.

જૈન કૃતિ - કૃતિકાર કોશ તૈયાર થઈ રહ્યો છે. ૨૬૦૦ વરસના ઇતિહાસમાં સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં કેટલાં શાસ્ત્રો રચાયાં તેની રચના કોણે કરી? તેની સૂચી (List) તૈયાર કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. આગમ સાહિત્યની ૫૦૦ જેટલી કૃતિઓની નોંધ તૈયાર થઈ ગઈ છે.

ગુજરાતના બે ભંડાર સ્કેન થયા. તેમજ પૂર્વે સ્કેન થયેલા છ ભંડારોનું સૂચીપત્ર તૈયાર થયું.

આ. શ્રી વિ. **મુનિચંદ્ર સૂ.**મ.સા, આ. શ્રી **નયચંદ્રસાગર સૂ.**મ.સા, આ. શ્રી વિ. **કુલચંદ્ર સૂ.**મ.સા, પૂ. મુનિશ્રી **યોગરુચિ વિ.** મ.સા., પૂ. ગણિશ્રી **સુયશ-સુજસચંદ્ર વિ.** મ.સા., પં.**શ્રીશ્રુતતિલકવિજયજી** ગણી, મુનિશ્રી **તીર્થયશ** વિજયજી મ.(આ. શ્રી વિ. **યશોવર્મસૂરિ.** મ.) પૂ. મુનિશ્રી **મેહુલપ્રભસાગર** મ. સા., પૂ. સા. શ્રી **કુમુદરેખાશ્રીજી** મ. શ્રી **નીરજમુનિજી** (આચાર્ય રામલાલજી સંપ્રદાય), સમણી **શ્રીસુલભપ્રજ્ઞાજી** (જૈન વિશ્વ ભારતી, લાડનૂં), **વિજયપાલ શાસ્ત્રી** (પતંજલી યોગપીઠ)ને હસ્તપ્રતોની માહિતી પૂરી પાડી.

### સમાચાર

કારતક સુદ પાંચમના દિવસે શ્રુતભવનમાં શ્રુતદેવતા રૂપ બ્રાહ્મી લિપિની પૂજા થઈ હતી. ૧૦૮ દીવાઓની સ્વસ્તિક અને દીપકાકારે રચના થઈ હતી. સમૂહ દેવવંદન થયા.

### અભિપ્રાય

'શ્રુતભવન'નાં દર્શન કર્યા. વર્તમાન સમયમાં અતિશય ઉપેક્ષિત થતું જોવા મળતું ક્ષેત્ર એટલે 'શ્રુતજ્ઞાન'. આ ક્ષેત્રમાં સંશોધન થવું ઘણું જરૂરી છે. યદ્યપિ પુણ્યવિજયજી મ., પૂ.સાગરજી મ., પૂ.જંબૂવિજયજી મ. ઇત્યાદિ મહાપુરૂષોએ અનેક કાર્યો આ ક્ષેત્રમાં કર્યાં છે. એ જ શૃંખલામાં શોભાયમાન થતું એક કાર્ય એ આ છે.

વર્ષો સુધી ધુણી ધખાવ્યા બાદ - વર્ષોની શ્રુતસાધના બાદ આવું ભગીરથ કાર્ય નિર્માણ પામશે. આ અંગે પૂ.મુ.વૈરાગ્યરતિવિ.મ.સા. તથા શ્રુતભવન સંસ્થા સાથે જોડાયેલ સર્વે ધન્યવાદ અને અનુમોદનાને પાત્ર છે.

આપની આ શ્રુતસંશોધન ક્ષમતા દિન-પ્રતિદિન વૃદ્ધિંગત થતી જ રહે એજ પ્રભુપ્રાર્થના.

- પૂ.આ.શ્રી **નયચંદ્રસાગરસૂરિજી** મ.
મહાશતાવધાની મુ.શ્રી **અજિતચંદ્રસાગરજી** મ.

સાચાં ફૂલને
અત્તરની જરુર પડતી નથી
અને
સાચા માણસને પ્રશંસાની જરુર પડતી નથી
- પૂ.મુ.શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવર

કાર્યકારી તંત્રી
ગૌરવ કે. શાહ (૯૮૩૩૧૩૯૮૮૩)

**Printed Matter**
**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

**To,**

**From**

**Shrutbhavan Research Centre,**
47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org